**સમાજ નો વિકાસ પ્રવાસ**

**ગ્લોબલ કોમ્યુનિટી**

પરજીયા પટ્ટણી સોની સમાજ વિશ્વ ના અનેક દેશો માં વસેલો છે. પટ્ટણી વર્લ્ડ અને પટ્ટણી કનેકશન જેવી આધુનિક મીડિયા ગ્રુપ ની ઉપલબ્ધી ને કારણે તેનો વિસ્તૃત ખ્યાલ આવે છે. 40 ઉપરાંત દેશો માં અને 125 થી વધુ નાના મોટા શહેરો માં વસવાટ કરતો આ સમુદાય વાસ્તવ માં એક ગ્લોબલ કોમ્યુનિટી નું સ્વરૂપ છે.

વારંવાર ના પ્રયત્નો છતાં એક આધારભૂત અંદાજીત  વસ્તી નો આંક મેળવવા માં હજુ સફળતા નથી મળી. જો દરેક સંસ્થા અને  સમાજપ્રેમી વ્યક્તિ થોડો સહયોગ આપી પોતાના વિસ્તાર માં વસવાટ કરતા જ્ઞાતિજનો ના અંદાજીત કુટુંબ ની સંખ્યા અને જન સંખ્યા ની યાદી તેમની નજીક ની પરજીયા સોની સંસ્થા ને પુરી પાડે તો આ કાર્ય સરળતા થી અને મર્યાદિત સમય માં પૂર્ણ કરી શકાય.

વિકાસ પ્રવાસ 2018.

આ વર્ષ ની ભારત વર્ષ ની સફર દરમ્યાન અગ્રણી સંસ્થાઓ ની મુલાકાત લેવા નો અવસર મળ્યો.

**રાજકોટ સુવર્ણ ઉદ્યોગ**

રાજકોટ એ સૌરાષ્ટ્ર ની રાજધાની નું શહેર કહીયે તો ખોટું નથી. પાછલા 2-3  દાયકા માં રાજકોટ સુવરણકારો માટે આકર્ષણ નું કેન્દ્ર રહ્યું છે. ચાંદી ના દાગીના ઘડતર સાથે સોના ના દાગીના બનવા માં પણ ભારત વર્ષ નું આગવું કેન્દ્ર બની રહ્યું છે. એપ્રિલ 2018 માં આયોજિત એક્ઝિબિશન ની અદભુત  સફળતા નો વિસ્તૃત અહેવાલ આયોજક સમિતિ સાથે ની રૂબરૂ મુલાકાત દરમ્યાન મેળવ્યો જે તેનું જ્વલંત  ઉદારહણ છે.

સુવર્ણ ઉદ્યોગ ની સફળતા માં પરજીયા સોની નો ફાળો નોંધનીય છે. સૌરાષ્ટ્ર ના અનેક  ગામો માં વસતા કુટુંબો રાજકોટ માં સ્થાય થયા છે તે ઉપરાંત 90 ના દાયકા પછી ઘણા પરજીયા કુટુંબ ગલ્ફ પ્રદેશ માંથી પાછા આવી રાજકોટ વસવાટ કરી  સુવર્ણ ઉદ્યોગ ને વેગ આપ્યો છે.

એક અંદાજ મુજબ રાજકોટ માં પરજીયા સોની ની વસ્તી મુંબઈ પછી બીજા ક્રમે હશે.

**રાજકોટ મહામંડલ**

ઘણા સમય થી આયોજન ની એરણ પર પડેલ મોહનભાઇ હોલ નું રિનોવેશન તેમજ આધુનિકરણ તેમજ નવા બે બેંકવેટ હોલ અને ડાઇનિંગ હોલ નું નવનિર્માણ અને  10 જેટલા ગેસ્ટ રૂમ નું બાંધકામ મોહન ભાઈ હોલ ને નવું સ્વરૂપ આપશે એટલુંજ નહીં પણ નવા પ્રાણ પુરશે અને રાજકોટ તેમજ આજુબાજુ વસતા જ્ઞાતિજનો ને એક વિશેષ આધુનિક એર કન્ડિશન માહોલ માં ઉત્તમ સગવડતા સાથે ની વ્યવસ્થા તેમના સામાજિક અને અન્ય પ્રસન્ગો માટે ટુક સમય માં ઉપલબ્ધ થશે.

આ વખત ની મારી રાજકોટ ની મુલાકાત દરમ્યાન મોહનભાઇ હોલ નું ચાલી રહેલ કામ જોવા નો રાજકોટ મહામન્ડલ તેમજ હાલાર સંગઠન ના સભ્યો અને અગેવનો સાથે મોકો મળ્યો

**સુરત**

સુરત ની નવ નિયુક્ત કારોબારી સમિતિ અને અન્ય અગેવનો સાથે મુલાકાત નો અવસર મળ્યો અને સમિતિ નો જોશ અને ઉલ્લાસ જોઈ વધુ ખુશી થઈ. સંજોગો અનુસાર સુરત સમાજ દ્વારા આયોજિત વિદ્યાર્થી સત્કાર સમારોહ માં હાજરી ન આપી શક્યો પણ મુંબઈ , અમદાવાદ અને અન્ય અગેવનો ની હાજરી માં વિધાર્થી સત્કાર સમારોહ ઉમંગભેર ઉજવાયો વિધાર્થી ઓ ને પ્રોત્સાહન આપ્યું અને સાથે સાથે સુરત માં પરજીયા સોની ની વાડી બને તેનો સંકલ્પ અને દાતા ઓ તરફ થી પુરા સહયોગ ની જાહેરાત થઈ. સુરત સમાજ ની નવનિયુક્ત સમિતિ ના દરેક કાર્યો અને સંકલ્પ પરિપૂર્ણ થાય તેવી સુંભેક્ષા.

સુરત ના ઉત્સાહી મિત્રો દ્વારા ગુજરાત પરજીયા ટેલેન્ટ ગ્રુપ ની રચના કરવા માં આવી અને 125 થી વધુ વિવિધ ક્ષેત્ર માં કાર્યરત જ્ઞાતિ બંધુ ઓ જોડાયા આવા ગ્રુપ ની રચના આવકાર્ય છે પણ તે વર્તમાન સંસ્થા સાથે જોડાય વ્યવસ્થા ના ભાગ રૂપે કાર્યરત રહે અને સમાજ ની વ્યવસ્થા ના પૂરક બની ભવિષ્ય ની યોજના કરે અને મારા મત મુજબ સમાજ ની વ્યવસ્થા થી વિમુખ થતો ટેલેન્ટ વર્ગ સમાજ ના દરેક કાર્ય માં પોતાની વિશેષ ક્ષમતા નું સેવા રૂપે અનુદાન આપે તે સમય ની જરૂરિયાત છે.

**મુંબઈ સોનિવાડી**

મુંબઈ સમાજ દ્વારા બોરીવલી સોની વાડી માં નવનિર્મિત એર કન્ડિશન હોલ અને ગેસ્ટ રૂમ ની વ્યવસ્થા જોઈતથા જ્ઞાતિજનો દ્વારા તેનો પૂરો ઉપયોગ થાય છે તે જાણી આનંદ થયો. અંદાજીત 25 લાખ રૂપિયા ની આર્થિક સહાય ઉપરાંત પાઠય પુસ્તક અને નોટબુક વિતરણ નો મુંબઈ માં વસતા પ્રાથમિક અને મધ્યમિક શાળા ના આશરે 600 વિદ્યાર્થી ઓ ને લાભ મળે છે જે ખુબજ પ્રસંશનીય છે.

**મુંબઈ સુવર્ણ હોસ્પિટલ**

મુંબઈ બોરીવલી ખાતે સુવર્ણ હોસ્પિટલ નું પુનઃ નિર્માણ નું.કાર્ય પુરા જોશ થી ચાલુ છે અને સમયાંતરે હું આપ સહુ ને પદ્દણી વર્લ્ડ ના માધ્યમ થી અવગત કરાવું છું પણ મુંબઈ ના મારા રોકાણ દરમ્યાન જાત મુલાકાત લઈ હોસ્પિટલ પ્રોજેક્ટ ની વધુ માહિતી થી વાકેફ થયો.

12 માળ ની આધુનિક ઇમારત , 100 થી વધુ બેડ અને ICU , ઓપરેશન થિયેટર , કિડની ડાયાલીસીસ અને અન્ય આધુનિક સગવડો થી સજ્જ સુવર્ણ હોસ્પિટ નું નજરાણું પરજીયા સોની સમાજ માટે આશીર્વાદ રૂપ થશે.

પરજીયા સમાજ ના ઇતિહાસ માં આ સૌથી મોટો પ્રોજેક્ટ નિર્માણ થઈ રહ્યો છે ત્યારે દાતા ઓ પણ આગળ આવી આ સ્વપ્ન ને સાકાર કરવા સહયોગ આપે તેવી અપીલ.

વ્યવસ્થા ના ભાગ રૂપે સમાજ ના સભ્યો વ્યવસ્થાપક અને ટ્રસ્ટીગણ ને સહયોગ આપી જરૂરી માર્ગદર્શન લઈ ભવિષ્ય માં આ ઉત્તમ ઉપલબ્ધી નો સહેલાઇ થી લાભ લઇ શકે તે માટે અત્યાર થી પગલાં લેવા જરૂરી છે.

હિરેન વાયા

કારોબારી સમિતિ મેમ્બર (મીડિયા) – પટ્ટણી બ્રધરહુડ

એડમીન – પટ્ટણી વર્લ્ડ

નૈરોબી


Rajkot
Mumbai
Surat